એપ્રિલ ૨૦૧૫

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## મોરાલિટી



# મોરાલિટી

## સંપાદકીય

બાળમિત્રો,

આ દુનિયામાં મોટામાં મોટી કિંમત હોય તો સિન્સિયારીટી અને મોરાલિટીની. સિન્સિયારીટી વિષે આપણે આગળ જોઈ ગયા. આ અંકમાં આપણે મોરાલિટીને એની વ્યાખ્યા સહિત સમજીશું. જે વ્યક્તિ મોરલ થઈ ગયો એનામાંથી બધા દુર્ગુણો ધોવાઈ જાય.

મોરાલિટીમાં એવું તે શું સમાય છે કે એ તરફ ગયેલો વ્યક્તિ મોક્ષની એકદમ નજીક કહેવાય છે ? મોરાલિટી એટલે શું ? એની કિંમત શું ? મોરલવાળી વ્યક્તિ કેવી હોય ? એ કેળવવા શું કરવું ? એની અદભૂત સમજણ પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં આપી છે.

તો આવો, મોરાલિટીની સુંદર વાતો જાણીને આપણે એ દિશા તરફ આગળ વધીએ.

- ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા

૩ દાદાજી કહે છે...
૪ પારકું ખેતર
૬ આ તો નવી જ વાત !
૮ ટિક્ટિ બારી
૧૨ ચાલો રમીએ...
૧૩ તમારી જાતને ચકાસી જુઓ !
૧૪ જીવંત ઉદાહરણ
૧૬ ઐતિહાસિક ગૌરવગાથાઓ
૧૮ મીઠી યાદેં

અક્રમ એક્સપ્રેસ

Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.


Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૭, અંક : ૮
સળંગ અંક : ૮૦
એપ્રિલ ૨૦૧૫

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website:
kids.dadabhagwan.org

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...



દાદાશ્રી : એક મકાનમાં સોનાની લગડીઓ પડી હોય, કોઈ સાચવનાર ના હોય અને ત્યાં ફક્ત જોઈને પાછું આવવાનું હોય તો કેટલા જણ મુઠ્ઠીમાં ના લેતા આવે ? જુઓને, આપણું મોરલ તો જુઓ ! કેટલું ડાઉન થઈ ગયું છે ? અલ્યા, સોનાની લગડી માટે તારું મન બગાડ્યું ? હા, પણ કોઈ સાચવનાર નથી, કોઈ વઢનાર નથી, કોઈ ફરિયાદ કરનાર પણ નથી, માટે આ લઈ લીધી. અલ્યા, આનું પરિણામ તો હોય કે નહીં ? દરેક વસ્તુનું પરિણામ હોય કે ના હોય ?

એક તરણું ના લેવાય આપણાથી. અણહક્કનું કશું ના લેવાય. આ તો લોકોને મોરાલિટીની કોઈ કિંમત જ નથી.

મોરલ એટલે પોતાના હક્કનું અને સહેજે મળી આવે એટલી જ વસ્તુને ભોગવવાની છૂટ ! 'મોરાલિટી'નો આ છેલ્લામાં છેલ્લો અર્થ છે !

આ મોરલ કેમ આટલું બધું ઉતરી ગયું ? લોકોનું જોઈને. 'આ મોટા માણસ આવું કરે છે, તો મારે શો વાંધો ?'

પ્રશ્નકર્તા : દેખાદેખીથી થાય ને ?

દાદાશ્રી : હા, લોકો જાણતા હોય કે આ મોટા માણસ ! અલ્યા, જેને મોરલ નથી તેને 'મોટો' કેમ કહેવાય ? ભલે લોક મોટો કહેતા હોય, પણ તું શું કરવા આને મોટો માને છે ? મોરલ તો જોઈએ ને ! મોરલ વગર માણસ જ શી રીતે કહેવાય તે ?

પ્રશ્નકર્તા : પણ અત્યારે લોકોને મોરલ જેવું છે જ ક્યાં ?

દાદાશ્રી : તેથી એમની કિંમત નહીં ને ? આમ મોટાં માણસ કહીએ, પણ મોરલ નથી એટલે 'નો વેલ્યુ.' એટલે એમને દેખીને આપણને 'ઈન્ફિરીયારિટી કોમ્પલેક્ષ' ના થઈ જાય. ઉલટું, એ 'ઈન્ફિરીયર' છે અને તું સુપિરિયર છે. તું મોરલવાળો માણસ છે તેથી. એને ગભરામણ થાય આપણને દેખતાં. માટે મોરલ જુઓ. જેમ બને તેમ મોરલ ઉપર લોકોને લઈ જવા જોઈએ. દાખલોય મોરલનો આપવો.



# પારકું ખેતર



બાજીરાવ પેશવાએ માળવા દેશ પર ચડાઈ કરી અને માળવાના રાજાને હરાવ્યો. રાજા પાસેથી ખૂબ ધન વગેરે લઈને તે પાછો ફરી રહ્યો હતો.

થોડા દિવસ પછી, રસ્તામાં બાજીરાવની સેના પાસે અનાજ ખૂટી ગયું. મહારાષ્ટ્ર દેશ ત્યાંથી ખૂબ દૂર હતો. અનાજ વિના કેમ ચાલે ? બાજીરાવે નદીના કિનારે પોતાનો પડાવ નાખ્યો. તેણે પોતાના નાયકને બોલાવીને કહ્યું, ''થોડા માણસોને લઈને તમે આસપાસના પ્રદેશમાં ફરી વળો. ત્યાંથી આપણને જોઈતું અનાજ કોથળાઓમાં ભરી આવો. થોડા દિવસ ચાલે એટલું મળે તોયે બસ છે. આગળ પછી જોઈ લેવાશે.''

" છેવટે એ લોકોએ એક ઘરડા માણસને સામેથી આવતો જોયો. ઘોડા ઝડપથી દોડાવીને તેઓ એની પાસે પહોંચી ગયા. "

નાયક તરત જ થોડા માણસોને લઈને નીકળી પડ્યો. આસપાસનો પ્રદેશ વેરાન હતો. ડુંગરાળ અને ઉજ્જડ પ્રદેશમાં તેઓ કેટલાય ગાઉ સુધી ભટક્યા.

છેવટે એ લોકોએ એક ઘરડા માણસને સામેથી આવતો જોયો. ઘોડા ઝડપથી દોડાવીને તેઓ એની પાસે પહોંચી ગયા.

વૃદ્ધને ઊભો રાખીને નાયક બોલ્યો, ''એ ડોસા, અમે બાજીરાવ પેશવા મહારાજ સાહેબના માણસો છીએ. અમારી પાસે અનાજ ખૂટી ગયું છે. આટલામાં કોઈ અનાજવાળું ખેતર છે કે ? ચાલ અમારી સાથે. અમને એવું ખેતર જલદી બતાવ. નહીં તો આજે તને જીવતો જવા નહીં દઈએ.''

પેલા વૃદ્ધે શાંતિથી કહ્યું : ''ભાઈઓ ! મારી પાછળ પાછળ આવો. તમને સારા અનાજવાળું ખેતર બતાવું.''

નાયક અને તેના માણસો વૃદ્ધની પાછળ ધીમે ધીમે ઘોડા હાંકીને જવા લાગ્યા. થોડે દૂર ગયા, એટલે એક ખેતર આવ્યું. તે જોઈને નાયક અને તેના સાથીદારો રાજી થઈ ગયા.

પરંતુ પેલા વૃદ્ધે કહ્યું, ''સાહેબ, થોડે દૂર એક બીજું ખેતર છે. ત્યાંથી આપને જોઈએ એટલું અનાજ ખુશીથી લેજો.''

નાયકનો લાગ્યું કે આગળના ખેતરમાં વધુ સારું



*નાયક અને તેના માણસો વૃદ્ધની પાછળ ધીમે ધીમે ઘોડા હાંકીને જવા લાગ્યા.*

અનાજ હશે. એટલે, વૃદ્ધનું કહ્યું માનીને સહુ આગળ ચાલવા લાગ્યા. થોડે દૂર ચાલ્યા પછી એક બીજું ખેતર નજરે પડ્યું. એ ખેતર પેલા ખેતર કરતાં નાનું હતું અને પાક પણ ઓછો હતો.

વૃદ્ધ એ ખેતર આગળ થોભીને બોલ્યો : ''સાહેબ, આ ખેતરમાંથી તમને જોઈએ એટલું અનાજ ખુશીથી લો.'' આ સાંભળીને નાયક ગુસ્સે થઈ ઉઠ્યો, ''અરે ડોસા, તારા પર મોત ભમતું લાગે છે ! અમને આટલું બધું રખડાવીને આવા નકામા ખેતર પાસે શા માટે લઈ આવ્યો ?''

પેલા વૃદ્ધ શાંતિથી બોલ્યો : ''સાહેબ, પેલું ખેતર પારકાનું હતું. પારકાના અનાજને આમ લૂંટાવી દેવાનો મને અધિકાર છે ? આ ખેતર તો મારું પોતાનું છે. તમને એમાંથી અનાજ આપવામાં મને જરાયે સંકોચ ન થાય. તમે ખુશીથી જેટલું જોઈએ એટલું અનાજ લઈ જાઓ.''

આ સાંભળીને નાયક અને તેના સાથીદારો ખૂબ નવાઈ પામ્યા ! વૃદ્ધ ખેડૂતની નૈતિકતાને સહુ જોઈ જ રહ્યા.



મોરલવાળાને ઈમોરલ ભેગો થાયને તો તે (ઈમોરલ) ગભરાય. આ તો દુનિયાનો કાયદો છે. માટે મોરાલિટીની કિંમત વધારવા જેવી છે.

# આ તો ... જ



નીતિ હશે ને પૈસા ઓછાં હશે તો પણ તમને શાંતિ રહેશે અને નીતિ નહીં હોય ને પૈસા ખૂબ હશે તોય અશાંતિ રહેશે. નૈતિકતા (મોરાલિટી) વગર ધર્મ જ નથી. ધર્મનો પાયો જ નૈતિકતા છે !



પ્રામાણિકતા, નૈતિકતા (મોરાલિટી), ઓબ્લાઈઝિંગ નેચર હોય તેના બધા દુર્ગુણો ધોવાઈ જાય.



બીજાને તું આપું છું, એ દેવધર્મ છે. પણ બીજાનું અણહક્કનું લેતો નથી, એ માનવધર્મ છે.



# નવી વાત !



કોનું ભોગવી લઉં, કોનું લઈ લઉં, બધું અણહક્કનું ભોગવ્યા કરે ને પછી નર્કમાં જવું પડે. ત્યાં ભયંકર દુઃખો ભોગવવાં પડે.



પ્યોર વસ્તુ જગતમાં આકર્ષણ કરે. ઈમ્પ્યોર વસ્તુ જગતને ફ્રેક્ચર કરે . એટલે પ્યોરિટી લાવવાની.



આખા જગતનું 'બેઝમેન્ટ' 'સિન્સીયારિટી' અને 'મોરાલિટી' બે જ છે, એ બે સડી જાય તો બધું પડી જાય. આ કાળમાં 'સિન્સીયારિટી' અને 'મોરાલિટી' હોય એ તો બહુ મોટામાં મોટું ધન કહેવાય.



પાશવતા એટલે અણહક્કનું લેવું. અણહક્કનું ખાઈ જવું, અણહક્કનું ભેગું કરવાના વિચારો કરવા. હક્કનું આપણી પાસે આવે. તેની કોઈ હરકત નથી.



# ટિકિટ બારી


નાટકગૃહની બહાર ભીડ જમા થઈ ગઈ હતી.
શો તો સુપરહીટ છે. બધા જ શો હાઉસફૂલ જાય છે.
ત્યાં તો એક વાલી, બારી પાસે આવ્યા.
ત્રણ ટિકિટ, પ્લીઝ.
પર્સમાંથી પૈસા કાઢતા.
કેટલું વિચિત્ર કહેવાય કે મારા જ બાળકનો અભિનય જોવા માટે પૈસા આપવા પડે છે. સ્કૂલે વાલીઓ પાસેથી ટિકિટની ફી મંગાતી હશે ?
બહેન, સ્ટેજ અને કોસ્ચ્યુમની રકમ ભરવા પૂરતી જ ટિકિટની રકમ છે અને એ પણ ફરજીયાત નથી, જો તમે ન આપી શકતા હો તો...
ના, મફત નથી જોઈતી. લઈ લો પૈસા.




એ બહેન થોડા બાજુમાં ખસ્યા, ત્યાં તો એક નાનકડા બાળકે પૈસાનું પરચૂરણ ટિકિટ બારી પર મૂક્યું.
કેટલી ટિકિટ જોઈએ છે ?
મારે ટિકિટ નથી જોઈતી.
તો આ પૈસા શેના માટે છે ?
શો તો મેં ગઈ કાલે રાત્રે જોઈ લીધો છે. કાલે રાત્રે હું મારા ભાઈ સાથે શો જોવા આવ્યો, ત્યારે ટિકિટબારી પર કોઈ નહોતું, એટલે ટિકિટ લીધા વગર જ અમે શો જોઈ લીધો હતો.
એટલે આજે હું એના પૈસા આપવા આવ્યો છું.


કેટલી મહેનતથી આ બાળકે આટલું પરચૂરણ જમા કર્યુ હશે. બાળક પાસેથી પૈસા કયાં લઉં?
બેટા, ગઈ કાલે ટિકિટબારી પર કોઈ નહોતું એટલે તારાથી ટિકિટ ના લેવાઈ. હવે તું એની ચિંતા નહીં કર. કોઈને ખબર નહોતી અને કશો ફરક પડતો નથી.
કોઈને નહીં પણ મને ફરક પડે છે. કોઈને ખબર નહોતી એથી કરીને હું મારું મન શા માટે બગાડું ?
પોતે કાળજી પૂર્વક બચાવેલું પરચૂરણ વાપરીને પણ એ ટિકિટના પૈસા ભરવા તૈયાર છે, પણ ખબર ના પડે તે રીતે મફત શો જોઈ લેવો એને મંજુર નથી. કેવી જબરદસ્ત મોરાલિટી !
ક્યાં ખોવાઈ ગયા અંકલ ? કહોને, કેટલા રૂપિયા થયા?
બેટા, બે ટિકિટના ત્રીસ રૂપિયા થશે.



ત્રીસ રૂપિયા ગણીને છોકરાએ તુષારના હાથમાં મૂકયા અને હસતા હસતા ત્યાંથી ચાલ્યો ગયો.
બાળક અને તુષારની વાતચીત સાંભળીને, સાઈડમાં ઊભેલા વાલી બહેનને થોડી વાર પહેલા પોતે કરેલા વર્તણુક પર અફસોસ થયો.
એક્સ્કયુસ મી ભાઈ, આ ચેન્જ ( બાકી રહેલા પૈસા ) પણ તમે જ રાખો. શોમાં સીનરી બ્યુટીફૂલ છે, અને કોસ્ચ્યુમ્સ પણ સસ્તા તો નહીં જ હોય ને !
પેલા નાનકડા બાળકને ક્યાં ખબર હતી કે તે દિવસે તેણે તુષાર અને પેલા વાલી બહેનને મોરાલિટીનો કેવો મોટો પાઠ ભણાવ્યો !

# આવો રમીએ...


**૧.** મિત્રો, બાજુમાં આપેલા ચિત્રમાં કેટલા ચોરસ છે તે શોધો.



**૨.** બાજુમાં આપેલી દિવાસળીમાંથી કોઈ પણ ત્રણ દિવાસળી હલાવી ષટ્કોણ બનાવો.



**3.** નીચે આપેલા ચિત્રમાં કયુ પ્રાણી છે તે બાજુમાં આપેલા વિકલ્પમાંથી શોધો



- ખિસકોલી
- હિપોપોટેમસ
- ડુક્કર
- હાથી

# તમારી જાતને ચકાસી જુઓ !

નીચે આપેલી 'ટ્રેઝર હન્ટ'ની રમતમાં ખરો ખજાનો શોધો. નીચે ચાર પ્રસંગો દર્શાવેલા છે. જવાબ માટે યોગ્ય ઓપ્શનની પસંદગી કરી, એ ઓપ્શનમાંથી 'ક્લુ અક્ષર' મેળવો. 'ક્લુ અક્ષર'ને યોગ્ય રીતે જોડીને શબ્દ બનાવો. બનેલો શબ્દ એ જ ટ્રેઝર હન્ટનો ખરો ખજાનો છે !

૧. નિર્મલા આંટી, કાવ્યા અને ક્ષીતી માટે બહુ બધી ચોકલેટ્સ લાવ્યા. ક્ષીતી સમરકેમ્પમાં ગઈ હતી, એટલે આંટીએ કાવ્યાને ચોકલેટ્સ વહેંચવાની જવાબદારી સોંપી. ચોકલેટ્સ કાવ્યાને બહુ ભાવે. એને થયું કે :

એ. "ચોકલેટ્સથી ક્ષીતીના દાંત ખરાબ થશે, હું થોડી વધારે લઈ લઈશ તો એના માટે સારું જ છે !"

(જવાબ ક્લુ : મ્મો)

બી. "બરાબર વહેંચીને, ક્ષીતીનું પેકેટ લેબલ કરીને હું ફ્રીજમાં મૂકી દઉં. ચોકલેટ્સ જોઈને ક્ષીતી કેટલી ખુશ થશે !"

(જવાબ ક્લુ : લિ)

સી. "થોડી ચોકલેટ્સ અત્યારે ટેસ્ટ કરી લઉં. ક્ષીતીને ક્યાં ખબર પડવાની છે ?"

(જવાબ ક્લુ : રી)

૨. "અરે વાહ ! ખૂબ સરસ પ્રોજેક્ટ બનાવ્યો છે," ટીચરે વિહાને શાબાશી આપતા કહ્યું. વિહાએ સૌમ્યાની મદદથી પ્રોજેક્ટ બનાવ્યો હતો. એણે ટીચરને કહ્યું,

એ. "થેંક યુ ટીચર. પણ આ પ્રોજેક્ટનું ક્રેડીટ સૌમ્યાને જાય છે. આ પ્રોજેક્ટ બનાવવામાં એણે ખૂબ મહેનત કરી છે"

(જવાબ ક્લુ : રા)

બી. "થેંક યુ ટીચર, આઈ એમ ગ્લેડ કે તમને ગમ્યું."

(જવાબ ક્લુ : લ)

સી. "થેંક યુ ટીચર. રાતો જાગીને મેં આ પ્રોજેક્ટ તૈયાર કર્યો છે."

(જવાબ ક્લુ : ન્ટ્રી)

૩. નકુલ એના ફ્રેન્ડસ સાથે શોપિંગ મોલમાં ગયો. નકુલના મિત્ર વિકાસે બધાને કહ્યું, "મિત્રો, આજે આપણે એક ગેમ રમીએ. કોઈને ખબર ના પડે એ રીતે આપણે શોપ્સમાંથી એક વસ્તુ ઉઠાવીશું. જે સૌથી સરસ વસ્તુ ઉઠાવશે, એ આ ગેમનો વિજેતા." નકુલને થયું :

એ. "જો હું આ ગેમ નહીં રમું તો વિકાસ મને એના ગ્રુપમાંથી બહાર કાઢી નાખશે. એટલે હું એનું કહ્યું જ કરીશ."

(જવાબ ક્લુ : ઈ)

બી. "હું અણહક્કનું કશું જ નહીં લઉં. વિકાસ ગ્રુપનો લીડર થઈને ફરે છે. પણ હું એનાથી ડરીને મારું મોરલ ડાઉન નહીં કરું."

(જવાબ ક્લુ : મો)

સી. "શોપમાંથી એક વસ્તુ ઓછી થશે તો શું નુકસાન જશે ? હું મારું ફેવરેટ ટી-શર્ટ ઉઠાવી લઈશ."

(જવાબ ક્લુ : ર)

૪. સ્ટેટ લેવલ ટેનીસ કોમ્પીટીશનમાં ભાગ લેવા માટે ઈશાનનું સિલેકશન થયું. કોમ્પીટીશનના અઠવાડિયા પહેલા જ ઈશાનની તબિયત ખરાબ થઈ ગઈ. જો કોમ્પીટીશન પહેલા ઈશાનની તબિયત ન સુધરે તો આયુષને ઈશાનની પોઝીશન મળી શકે એમ હતી. આયુષને થયું :

એ. "કોમ્પીટીશન પહેલા આયુષની તબિયત સારી ન થાય અને મને એનો ચાન્સ મળી જાય."

(જવાબ ક્લુ : ઈ)

બી. "દર વર્ષે ઈશાનનું સિલેકશન થાય છે. એક વર્ષ એ નહીં જાય તો શું થઈ જવાનું છે ? મને જ ચાન્સ મળવો જોઈએ." (જવાબ ક્લુ : ર)

સી. "આ કોમ્પીટીશન માટે ઈશાને કેટલી મહેનત કરી છે. તંદુરસ્ત થઈને એ કોમ્પિટીશનમાં ભાગ લઈ શકે એ જ મારી પ્રાર્થના છે."

(જવાબ ક્લુ : ટી)



# જીવંત ઉદાહરણ

વેરાભાઈ દરબારનું નામ સાંભળીને લોકો ફફડી જતા. વેરાભાઈ અને એના માણસો એવા સાહસિક ઠગ હતા કે તેઓ દિન-દહાડે લૂંટફાટ કરતા પણ ક્યારેય પકડાતા નહોતા.

પણ જે દિવસથી વેરાભાઈ શ્રીજી મહારાજને મળ્યા, તે દિવસથી એમનામાં અજબ-ગજબનું પરિવર્તન આવ્યું! વેરાભાઈ બધા ગુનાઓ છોડીને સત્સંગી બની ગયા. એટલી હદ સુધી એમનામાં પરિવર્તન આવ્યું કે એમને કોઈને મારવાનો વિચાર પણ આવતો, તો તે દિવસે તેઓ પશ્ચાતાપરૂપે ઉપવાસ કરતા. અને તેથી હવે, બધા એમને

"મૂરખ, આ ખેતરના માલિકની અનુમતિ વગર તું ડાળખું કેવી રીતે તોડી શકે ? પૂછ્યા વગર તે ડાળખું તોડ્યું એટલે આ અણહક્કની વસ્તુ કહેવાય. અણહક્કની વસ્તુ લઈને તેં મહારાજની આજ્ઞાનો ભંગ કર્યો છે."

'વેરા ભગત'ના નામે સંબોધન કરતા.

એક દિવસ વેરા ભગત એક ખેતર પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં એમની નજર એક બાવળના ઝાડ પર પડી. એ ઝાડ જોઈને એમને વિચાર આવ્યો, "આ ઝાડનું દાતણ. દાંત ઘસવા માટે ઉત્તમ રહેશે."

આમ વિચારી, વેરાભાઈએ એક નાનકડું ડાળખું કાપી લીધું.

પણ અચાનક, એમને અંદરથી જ એક અવાજ આવ્યો, "મૂરખ, આ ખેતરના માલિકની અનુમતિ વગર તું ડાળખું કેવી રીતે તોડી શકે ? પૂછ્યા વગર તે ડાળખું તોડ્યું એટલે આ અણહક્કની વસ્તુ કહેવાય. અણહક્કની વસ્તુ લઈને તેં મહારાજની આજ્ઞાનો ભંગ કર્યો છે."

અને વેરાભાઈને પોતાના કાર્ય પર ખૂબ અફસોસ થયો. એમના મનમાં વિચારોનું વમળ ઉઠ્યું, "શું કરું ? કોને કહુ ? જાતને સજા કેવી રીતે આપું ? ઉપવાસ કરું કે પછી દસ ગણું દાન આપું ? હવે હું મહારાજની કૃપા ખોઈ દઈશ ?

ઘરે જઈને તેઓ પગથિયા પર બેઠા. મન થોડું શાંત પડ્યું. એમણે ઠાકોરજીને દીવો-આરતી કર્યા. પણ ફરી મનમાં વિચાર આવ્યો, "ભૂલ તો મેં કરી, પણ હવે એ ભૂલનું પ્રાયશ્ચિત કેવી રીતે કરું ? શું કરું જેથી ફરી આવી ભૂલ ના


થાય ?''

અને તેઓ ખેડૂતના ઘર તરફ ચાલવા લાગ્યા. અંધારૂ થઈ ગયું હતું. ખેડૂત, ઘરના ફળિયામાં એક ખાટલો ઢાળી બેઠો હતો.

''મને માફ કરી દો. મારાથી બહુ મોટી ભૂલ થઈ ગઈ. મેં ચોરી કરી છે'' એમ કહી વેરાભાઈ ખેડૂતના પગે પડી ગયા.

''વેરા ભગત તમે ? આમ અચાનક શું થયું ?'' વેરા ભગતનું વલણ ખેડૂતને સમજાયું નહીં.

પોતાના ગુનાની કબુલાત કરતા વેરા ભગતે કહ્યું, ''તમારી પરવાનગી વગર મેં તમારા બાવળના ઝાડ પરથી એક ડાળખું તોડ્યું હતું. મને ખ્યાલ છે કે અણહક્કનું કંઈ પણ



ભોગવીએ તો બહુ ભારે સજા ભોગવવવી પડે. મને માફ કરી દો.''

વેરા ભગતની નૈતિકતા જોઈને ખેડૂત સ્તબ્ધ બની ગયો. ''સત્સંગથી એક ઠગમાં પણ આવું પરિવર્તન આવી શકે ?''


વેરા ભગતને સાંત્વન આપતા એ બોલ્યો, ''અરે વેરા ભગત. એક નાનકડા ડાળખામાં શું થઈ ગયું ? તમે નાહક અફસોસ કરો છો !''

પણ એક નાનકડી ભૂલને કારણે વેરા ભગતને શ્રીજી મહારાજની કૃપા નહોતી ખોઈ કાઢવી. બીજા દિવસે શ્રીજી મહારાજ પાસે પોતાની ભૂલની કબુલાત કરવાનું એમને નક્કી કર્યું.
મહારાજે વેરા ભગતની બધી વાતો સાંભળી. એમની આંખોમાં મહારાજે સાચું પ્રાયશ્ચિત જોયું.

''કોઈ પણ ભૂલનું તમે દિલથી પશ્ચાતાપ કરો, તો એ ભૂલ ધોવાઈ જાય છે'' એમ કહી મહારાજે વેરા ભગતને દિલથી આશિષ આપ્યા.

# ઐતિહાસિક ગૌરવગાથાઓ

ભગવાન નેમનાથ પાસે દીક્ષા લીધેલ ઢંઢણ મુનિની આ વાત છે. એવું બન્યું કે દીક્ષા લીધા પછી તેઓ ભિક્ષા માટે જ્યાં પણ જાય, ત્યાં એમને શુદ્ધ ભિક્ષા મળતી જ નહીં. તેથી એમણે અભિગ્રહ લીધો (નક્કી કર્યું) કે 'જ્યારે હું મારી પોતાની લબ્ધિ (સિધ્ધિ)થી અન્ન પામીશ ત્યારે જ હું પારણું કરીશ, ત્યાં સુધી પારણું નહીં કરું. તેમજ બીજા મુનિઓએ લાવેલો આહાર પણ હું નહીં વાપરું.'



આવો અભિગ્રહ લીધા પછી પણ એમની સ્થિતિ પહેલા જેવી જ રહી. રોજ ગોચરી (ભિક્ષા) લેવા જાય અને ગોચરી વિના જ પાછા આવે. પણ એમનામાં કૈલાસ પર્વત કરતાં પણ અનંતગણું ધૈર્ય હતું. ભિક્ષા મળતી નહીં, છતાં તેઓ ન ઉદ્વેગ પામતા કે ન બીજાઓની નિંદા કરતા પણ શુભ ભાવોમાં જ રહેતા.

એક દિવસ પ્રભુ નેમનાથે સમવસરણમાં ઢંઢણ મુનિના તપ અને પુરુષાર્થની પ્રશંસા કરી. પ્રભુના મુખેથી પ્રશંસા સાંભળીને સહુ સાધુઓ આનંદિત થઈ ગયા પણ સહુનાં મનમાં એક જિજ્ઞાસા ઉત્પન્ન થઈ ગઈ કે, ઢંઢણ મુનિ એવું તે કેવું કર્મ બાંધીને આવ્યા છે કે જેના કારણે એમને શ્રાવકોનાં ઘરોમાં પણ ભિક્ષા મળતી નથી?

મનમાં ઉત્પન્ન થયેલી આ જિજ્ઞાસાને તેઓએ પ્રભુ પાસે વ્યક્ત કરી અને પ્રભુએ એ જિજ્ઞાસાનો જવાબ આપતાં ફરમાવ્યું કે -

'ધાન્યપુર નામના ગામમાં પારાસર નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. રાજાનો એ ખૂબ માનીતો હતો. એટલે રાજાએ એને અધિકારી બનાવીને એના હાથમાં પાંચસો ખેતરનો અધિકાર આપ્યો હતો.

એક દિવસ, ખેતરમાં કામ કરી રહેલા ખેડૂતો માટે એમના ઘરેથી ભોજન આવી ગયું હતું. બીજી બાજુ બળદો માટે ઘાસ પણ આવી ગયું હતું. ખેડૂતો અને બળદો બધા ભૂખ્યા થયા હતા પણ પારાસરે પાંચસો ખેડૂતોને જમવાની રજા ન આપી.

''પણ અમને ખૂબ ભૂખ લાગી છે'' ખેડૂતો આજીજી કરી બોલ્યા.

''તમારે હમણાં

**સહુ સાધુઓ આનંદિત થઈ ગયા પણ સહુનાં મનમાં એક જિજ્ઞાસા ઉત્પન્ન થઈ ગઈ કે, ઢંઢણ મુનિ એવું તે કેવું કર્મ બાંધીને આવ્યા છે કે જેના કારણે એમને શ્રાવકોનાં ઘરોમાં પણ ભિક્ષા મળતી નથી ?**

જમવાનું નથી'' પારાસરે કડક શબ્દોમાં કહ્યું.

''પણ કારણ કાંઈ ?'' ખેડૂતોએ પૂછ્યું.

''મારા ખેતરમાં એક એક ચાસ ખેડી દો (લાઈનબંધ છોડવાઓ રોપી દો). જમવાની રજા તમને પછી જ અપાશે.'' પારાસરે કહ્યું.

શું કરે એ પાંચસો ખેડૂતો ! એમના શરીરમાં કોઈ હોંશ નહોતા, છતાં પારાસરના દબાણના કારણે તેઓ પરાણે તેના ખેતરમાં ચાસ પાડવા તૈયાર થયા. માંડ માંડ ચાસ પાડીને તેઓ જમવા બેઠાં.


પારાસર એ જ ઢંઢણ મુનિ. પાંચસો ખેડૂતો અને બળદોને ભોજનમાં અંતરાય પાડવાની એણે જે ભૂલ કરેલી, એના ફળરૂપે આ ભવમાં એમને ભોજન નથી મળતું.'

પ્રભુની વાણી સાંભળી સાધુઓના મનનું સમાધાન થયું. આ બાજુ ઢંઢણ મુનિ, એમના કર્મોને શાંત ભાવે પૂરા કરી, કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

## પઝલના જવાબો

૧. ૪૦

૨.



૩.



હિપોપોટેમસ

## તમારી જાતને ચકાસી જુઓના જવાબ

૧ - બી, ૨ - એ, ૩ - બી, ૪ - સી

ક્લુ-અક્ષર : લિ, રા, મો, ટી

શબ્દ : મોરાલિટી

# મીઠી યાદેં

એક વાર નીરુમા મહાત્માઓ સાથે સત્સંગ માટે એક ગામડામાં ગયા હતા. નીરુમાના ચરણસ્પર્શ કરવાનો કાર્યક્રમ ચાલતો હતો. એવામાં નીરુમાની નજીકના એક બહેન તેમના દર્શન માટે આવ્યા. નીરુમાએ એમને કહ્યું, ''હમણાં નહીં''

એ બહેનની માનવાળી પ્રકૃતિ, એટલે એમને તો ખોટું લાગી ગયું. એમના મોઢા પરથી હાસ્ય ઊડી ગયું. એમનું ખાવાનું-પીવાનું બધું જ ઊડી ગયું. અંદર જોરદાર ઘમસાણ ચાલ્યું કે રાત-દિવસ જોડે રહેવાનું ને ચરણસ્પર્શ કરવા ના મળે એ કેવું? એમને ચેન જ ના પડે. બીજી બાજુ અંદર સમાધાન પણ અપાયા કરતા હોય કે જ્ઞાની આપણને કંઈ બોધપાઠ આપવાના હોય, તેથી આપણી આવી પરીક્ષા કરતા હોય. છેવટે આપણા હિત માટે જ છે, વગેરે વગેરે....

તે જ દિવસે સાંજે બધા અમદાવાદ આવવા પાછા ફરી રહ્યા હતા. એ બહેન જે ગાડીમાં હતા એ જ ગાડીમાં નીરુમા પણ હતા. વચ્ચે એક બહેન ઊતરી જવાથી નીરુમાની બાજુમાં થોડી જગ્યા થઈ. નીરુમાએ પેલા બહેનને કહ્યું, ''આવો, આવો બહેન, આગળ આવીને અમારી પાસે બેસો.''

બહેન રિસાયેલા હોવાથી થોડી આનાકાની કરી પછી આવ્યા અને નીરુમાને કહ્યું, ''તમે વિધિ ના કરી એટલે મને બહુ ખોટું લાગી ગયું છે.''

નીરુમાએ કહ્યું, ''એમ!''

પછી નીરુમા તો બહેનની સાથે બધી વાતો કરવા લાગ્યા. એમની સાથે ખૂબ વાતો કરીને નીરુમાએ એમને નોર્મલ કરી દીધા.

રસ્તામાં બહેનનું ઘર આવતાં તેમને ઊતારી નીરુમાએ આગળ જવાનું હતું. ત્યાં તો નીરુમા બોલ્યા, ''અંદર ગાડી લઈ લો, અમે એમના ઘરે જઈશું.''

મહાત્મા બહેનને નવાઈ લાગી પણ તેઓ કંઈ પૂછી ના શક્યા. નીરુમા એમના ઘરે જઈ સોફા પર બેઠાં અને બહેનને કહ્યું, ''લો..વિધિ કરી લો.''

આ સાંભળી મહાત્મા તો ગળગળા થઈ ગયા. એમને થયું, 'ગજબના છે નીરુમા! સખત ભૂખ અને થાક હોવા છતાં ઠેઠ મારા ઘરે આવીને મને સામેથી વિધિ કરાવે છે. તેઓ ધારત તો મને બે અક્ષર બોલીને અથવા અમારી આવી પરીક્ષા હતી, તેમ ખુલાસા આપીનેય સમજાવી શકતા હતા.'

તેઓ તો નીરુમાના ચરણોમાં નમી જ પડ્યા અને રડી પડ્યા.

જ્ઞાનીને વ્યકિતઓના હૃદયની કેટલી કિંમત હોય છે! સામાનું ઘડતર પણ થાય, કચરો પણ નીકળી જાય અને સાથે સાથે એમના મનનું સમાધાન થાય અને પ્રેમથી જીતી લેવાય એવી એમની કેવી અદ્ભુત કળા!



| ગ્રુપ **A** - યુવાન ભાઈઓ માટે ૧૩ થી ૧૬ વર્ષ | | સંપર્ક | ગ્રુપ **B** - યુવાન બહેનો માટે ૧૩ થી ૧૬ વર્ષ | સંપર્ક | ગ્રુપ સી - ૮ થી ૧૨ વર્ષના બાળકો | સંપર્ક |
|---|---|---|---|---|---|---|
| સીમંધર સીટી | ૨૫,૨૬ એપ્રિલ | ૦૭૯૩૯૮૩૦૯૩૯ | ૨૩,૨૪ એપ્રિલ | ૦૭૯૩૯૮૩૦૯૩૯ | ૧૯,૨૦, ૨૧,૨૨ એપ્રિલ | ૦૭૯૩૯૮૩૦૯૩૯ |
| રાજકોટ | ૧૬,૧૭ મે | ૯૮૨૪૨૧૮૦૫૬ | ૨૫,૨૬ એપ્રિલ | ૯૩૭૭૫૯૧૫૩૦ | ૨૭,૨૮ એપ્રિલ | ૮૮૬૬૮૮૮૮૩૭ |
| બરોડા | ૨૫,૨૬ એપ્રિલ | ૯૫૭૪૩૪૦૬૦૦ | ૨૩,૨૪ એપ્રિલ | ૯૬૨૪૮૫૨૬૦૨ | ૨૫,૨૬ એપ્રિલ | ૮૯૮૦૯૯૫૨૫૫ |
| સુરત | ૧૬,૧૭ મે | ૯૮૯૮૬૮૯૬૯૭ | ૧૪,૧૫ મે | ૯૬૦૧૨૯૧૦૨૪ | ૨૫,૨૬ એપ્રિલ | ૯૫૭૪૦૦૮૪૯૮ |
| ભૂજ | | | ૨૯,૩૦ એપ્રિલ | ૯૫૮૬૨૮૬૪૯૧ | ૨૫,૨૬,૨૭,૨૮ એપ્રિલ | ૭૫૬૭૫૬૧૫૫૬ |
| મુંબઈ | ૨૧,૨૨,૨૩ એપ્રિલ | ૯૩૨૧૦૧૦૨૦૮ | ૨૪,૨૫,૨૬ એપ્રિલ | ૯૩૨૦૦૧૦૨૦૮ | ૧૮,૧૯ એપ્રિલ | ૯૩૨૦૨૫૫૨૬૬ સેન્ટ્રલ |
| | | | | | | ૮૬૫૨૮૯૦૦૬૬ વેસ્ટર્ન |
| ભરૂચ | | | ૨૯,૩૦ એપ્રિલ | ૯૪૨૭૧૦૫૪૪૩ | ૨૮ એપ્રિલ | ૯૪૨૮૫૮૬૭૦૧ |
| ભાવનગર | ૧૬,૧૭ મે | ૯૫૭૪૦૦૮૦૯૦ | | | ૩૦ એપ્રિલ અને ૧ મે | ૯૫૭૪૦૦૮૦૯૦ |
| જામનગર | ૨૫,૨૬ એપ્રિલ | ૯૮૭૯૫૫૧૫૧૭ | | | ૨૩,૨૪ એપ્રિલ | ૯૦૯૯૫૫૧૫૧૭ |
| મોરબી | | | | | ૨૬ એપ્રિલ | ૯૭૨૬૩૮૮૭૯૨ |
| ગાંધીધામ | ૨૫,૨૬ એપ્રિલ | ૯૭૨૬૨૦૨૫૭૦ | | | ૩૦ એપ્રિલ | ૯૦૩૩૫૫૯૧૫૬ |
| ગોધરા | | | ૨૯,૩૦ એપ્રિલ | ૯૪૨૬૩૮૪૪૯૭ | ૨૮ એપ્રિલ | ૯૯૨૪૨૬૪૩૯૭ |
| | | | | | | |

| સીમંધર સીટી | ગ્રુપ **D** - યુવાન બહેનો માટે ૧૭ થી ૨૧ વર્ષ | ગ્રુપ **E** - યુવાન ભાઈઓ માટે ૧૭ થી ૨૧ વર્ષ |
|---|---|---|
| | ૬,૭,૮ મે | ૧૦,૧૧,૧૨ મે |

નોંધ :

૧. સમરકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨. રજીસ્ટ્રેશન માટે બાળક / યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઈ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૧૦ દિવસ અગાઉ રજીસ્ટ્રેશન બંધ કરાવામાં આવશે. ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

૩. સીમંધર સીટી સમરકેમ્પ માટે રજીસ્ટ્રેશન ત્રિમંદિર સંકુલના 'સ્ટોર ઓફ હેપ્પીનેસ' પર સવારે ૯:૩૦ થી બપોરનાં ૧૨, સાંજે ૪ થી ૭ દરમ્યાન જે તે સમરકેમ્પના ૧૦ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઈ શકશે. આ રજીસ્ટ્રેશન ૨૦ માર્ચથી શરૂ થશે.

સંપર્ક સૂત્ર - ૦૭૯-૩૯૮૩૦૯૩૯

Akram Express

April 2015
Year : 7, Issue : 8
Conti. Issue No.: 80

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month



પૂજ્યશ્રીના જ્ઞાનદિવસે સીમંધર સીટીના બાળકોએ કરેલો કલ્ચર શો.



બાળપદોની ઓડિયો CD GNC-7 નું ઓપનીંગ

પૂજ્ય નીરુમાની પૂણ્યતિથિના દિવસે નીરુમાને યાદ કરતા પદ પર બાળકોએ ડાન્સ રજૂ કર્યો હતો.

<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સુચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **# #** હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.